# સુરત મહાનગરપાલિકા
## જાહેરાત

સુરત મહાનગરપાલિકા સંચાલિત જુદી જુદી સુમન માધ્યમિક શાળાઓમા **શિક્ષણ સહાયક**ની ખાલી જગ્યાઓ માટે યોગ્ય લાયકાત, અનુભવ ધરાવતા ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસાર અરજીઓ તા.૨૧/૦૩/૨૦૧૭ સુધીમાં મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે.

**ગુજરાતી માધ્યમ :–**

| અ. નં. | વિષય | લાયકાત | ખાલી જગ્યા ની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | અંગ્રેજી/સંસ્કૃત | બી.એ.બી.એડ. | ૦૧ |
| ૨ | અંગ્રેજી/ગુજરાતી | બી.એ.બી.એડ. | ૦૧ |
| ૩ | સંસ્કૃત/હિન્દી | બી.એ.બી.એડ. | ૦૧ |
| ૪ | સમાજવિદ્યા/ગુજરાતી | બી.એ.બી.એડ. | ૦૧ |
| ૫ | વિજ્ઞાન / ગણિત | બી.એસસી.બી.એડ. | ૦૩ |
| ૬ | ગણિત/વિજ્ઞાન | બી.એસસી.બી.એડ. | ૦૧ |
| ૭ | અંગ્રેજી | બી.એ.બી.એડ. | ૦૧ |

**મરાઠી માધ્યમઃ–**

| અ. નં. | વિષય | લાયકાત | ખાલી જગ્યા ની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ગુજરાતી | બી.એ.બી.એડ. | ૦૫ |
| ૨ | હિન્દી/સમાજવિદ્યા | બી.એ.બી.એડ. | ૦૧ |
| ૩ | અંગ્રેજી | બી.એ.બી.એડ. | ૧૦ |
| ૪ | અંગ્રેજી/સમાજવિદ્યા | બી.એ.બી.એડ. | ૦૧ |
| ૫ | મરાઠી | બી.એ.બી.એડ. | ૦૬ |
| ૬ | સમાજવિદ્યા/હિન્દી | બી.એ.બી.એડ. | ૦૧ |
| ૭ | સમાજવિદ્યા | બી.એ.બી.એડ. | ૦૭ |
| ૮ | વિજ્ઞાન | બી.એસસી.બી.એડ. | ૦૮ |
| ૯ | ગણિત | બી.એસસી.બી.એડ. | ૧૦ |
| ૧૦ | શારિરીક શિક્ષણ | બી.એસસી./બી.એ.,ડીપીએડ/બીપીએડ. | ૦૪ |
| ૧૧ | ચિત્રકામ | એટીડી ગુજરાતી/હિન્દી/ અંગ્રેજી વિષય સાથેના સ્નાતકને પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે. | ૦૧ |

ભરવાપાત્ર અનામત ખાલી જગ્યાઓની વિષયવાર/કેટેગરી વાઈઝ ઉપલબ્ધ જગ્યાઓની વિગતો વેબસાઈટ ઉપર રજુ કરેલ છે.

(૧) અનામત કેટેગરીના ઉમેદવાર ન મળે તો અનામતના બેકલોગની જગ્યા સામે જાહેર હિતમાં જગ્યાઓ ભરવી આવશ્યક હોય આ જગ્યા એડહોક ધોરણે ગણવામાં આવશે અને ભવિષ્યમાં જયારે પણ અનામત વર્ગના જે તે કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ થાય ત્યારે તેમને નિમણુંક આપવા માટે આ પ્રકારની નિમણુંક આપોઆપ સમાપ્ત થશે અને આ હુકમથી નિમવામાં આવેલ ઉમેદવારને છુટા થવાનું રહેશે.

(૨) શિક્ષણ સહાયકને સરકારશ્રીનાં નાણાંવિભાગના તા.૧૮/૧/૨૦૧૭ ના ઠરાવની જોગવાઈ મુજબ ફીકસ રૂા.૩૧૩૪૦/–માસિક વેતન મળવાપાત્ર થશે. સરકારશ્રી ધ્વારા વખતોવખત જે કોઈ સુધારો કરવામાં આવે તે મુજબ તેઓની પાંચ વર્ષ સુધીની સંતોષકારક કામગીરી બજાવે તે શરતે ચુકવવામાં આવશે.

(૩) પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ માધ્યમિક શિક્ષકોની જગ્યા માટે પે બેન્ડ રૂા.૯૩૦૦–૩૪૮૦૦ ગ્રેડ પે રૂા.૪૨૦૦/–(પે મેટ્રીકસ ૩૫૪૦૦–૧૧૨૪૦૦) અથવા સરકારશ્રી ધ્વારા જે તે જગ્યા માટે વખતોવખત નિયત કરેલ મળવાપાત્ર પગારધોરણમાં નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૪) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ ગાંધીનગર ઠરાવ ક્રમાંક/ઉમશ/૧૨૯૩/૨૫૩૩/ગ તા.૨૧/૫/૯૪ તથા વખતોવખતના સુધારાઓની જોગવાઈ અનુસાર ફાજલનું રક્ષણ મળવા પાત્ર રહેશે નહી.

(૫) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ ધ્વારા લેવાયેલ ટેટ TAT પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ તમામ પાત્રતા ધરાવતા ઉમેદવારો પ્રસ્તુત ભરતી પ્રક્રિયામાં અરજી કરી શકશે.

(૬) એમ.એ.એજયુકેશન અને એમ.ફીલનું ગુણાંકન ધ્યાને લેવામાં આવશે નહીં.

(૭) માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક માટે લાયકાત તથા મહત્તમ ૩૦ ગુણની ગણતરી નીચે મુજબ છે.

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ |
| ૨ | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી | ૧૦ |
| ૩ | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ/બી.પી.એડ વિગેરે. | ૦૫ |
| ૪ | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ/એમ.પી.એડ વગેરે | ૦૫ |
| | કુલ | ૩૦ |

(૮) શિક્ષણ વિભાગના તા.૧૮/૪/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એચ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા.૨/૪/૨૦૧૩ ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એચ/૬/ એસએમએસ/૧૦૧૧/૨૫૮/ગ.૧ ની જોગવાઈ અનુસાર ઉમેદવારના લાયકાતના પ્રમાણપત્ર મુજબ મેળવેલ ગુણના ૩૦ ટકા ભારાંક અને શિક્ષક અભિરૂચિ કસોટી(ટેટ) માં મેળવેલ ગુણના ૭૦ ટકા ભારાંકને આધારે પસંદગીયાદી તૈયાર કરવામાં આવશે.

(૯) અરજદારની ઉંમર પીઆરઓ. નંબરની તારીખે ૩૭ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

(i)મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

(ii) વિકલાંગ ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર અનુસાર નિયત કરવામાં આવેલ સુપ્રિટેન્ડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ (દસ) વર્ષની છુટછાટ મળશે.

(iii) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૯૭ ના ઠરાવની જોગવાય મુજબ મહિલા ઉમેદવારોને ૦૫ (પાંચ) વર્ષની ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

(iv) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં તા.૧૮/૦૪/૧૨ ના જાહેરનામાંથી ઘડાયેલ પસંદગી કાર્યરીતી નિયમો અને મહિલા અનામતના નિયમો અનુચ્છેદ –૩૦૯ હેઠળ ઘડાયેલ છે. આથી વિધવા મહિલા કે સામાન્ય મહિલાના કિસ્સામાં સરકારશ્રી ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જોગવાય મુજબ અનામત વય મર્યાદાની છુટછાટ કે લાભો મળવાપાત્ર રહેશે.

(v) માજી સૈનિક ઉમેદવારોએ જેઓએ જળ,વાયુ અને ભૂમિ આમર્ડફોર્સીસમાં ઓછામાં ઓછા ૦૬(છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૦૩(ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળવાપાત્ર રહેશે.

(vi) સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ– ક ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહિ હોય તો જ મળવાપાત્ર થશે.

પરણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

અરજી સાથે પરિશિષ્ટ–ક ને બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૧૫ થી તા.૩૧/૦૩/૧૬ ના સમયગાળાની આવકને ધ્યાને લઈ તા.૦૧/૦૪/૨૦૧૬ કે ત્યારબાદ મેળવેલ હોવુ જોઈએ.

જો ઉમેદવારોએ આ પ્રમાણપત્ર રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ.

| | |
|---|---|
| સૂચના | **ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી રજુ કરેલ કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ ગ્રાહય રાખવામાં આવશે નહીં.** |

નોંધઃ– (૧) ઉપરોકત જગ્યાઓ માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી તથા તેના ધ્વારા નિયત કરવામાં આવેલ સ્ટાફ સિલેકશન કમિટી ધ્વારા બેઝીક લાયકાત, રીટર્ન ટેસ્ટ, પ્રેકટીકલ ટેસ્ટ તેમજ ઓરલ ટેસ્ટના દેખાવના આધારે માપદંડ નકકી કરાશે તે પ્રમાણે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૨) ઉપરોકત જગ્યા માટેના ઉમેદવારોએ એપોઈન્ટમેન્ટ ઓથોરીટી નકકી કરે તે મુજબની પ્રેકટીકલ, લેખિત, મૌખિક પરીક્ષાઓ માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી જે જગ્યા સૂચવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે.

(૩) ઉપલી વયમર્યાદા જાહેરાતના પી.આર.ઓ. નંબરની તારીખે ગણતરીમાં લેવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આ વયમર્યાદાના નિયમો લાગુ પડશે નહીં.અનામત કેડરની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

(૪) ઉપરોકત વર્ગ–૩ની જગ્યા માટેના ઉમેદવારે CCC પરીક્ષા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૬૭/૨૦૦૮ તા. ૨૪–૦૩–૨૦૦૮ થી નિયત કર્યા મુજબની સંસ્થા ધ્વારા નિમણુંક થયેથી ૧(એક) વર્ષમાં પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય અથવા સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તો તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૫) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાના રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર.

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડીગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ

(૩) ઉમેદવારોએ જાતિ અંગેના પુરાવા માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪) ઉમેદવાર સા.શૈ.પ.વ.ના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું તા.૧–૪–૨૦૧૬ ના રોજ કે ત્યાર પછી મેળવેલ હોય તેવું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે આવું પ્રમાણપત્ર જોડેલ ન હશે તો અનામત અંગેના કોઈપણ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) ઉમેદવાર જો વિકલાંગ હોય તો વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) અનુભવનું પ્રમાણપત્ર.

(૭) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ 'ન વાંધા પ્રમાણપત્ર' રજુ કરવાનું રહેશે.

(૯) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો પરવાનગી હુકમની નકલ બીડવી.

(૧૦) EPIC કાર્ડની નકલ (૧૧) આધાર કાર્ડ ની નકલ

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે. જયારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગત મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગે મેળવવાની રહેશે.

(૭) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૮) માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

(૯) મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે, મહિલા ઉમેદવાર પરણિત હોય પરંતુ મેરેજ સર્ટી, ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે.

(૧૦) મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જે તે કેટેગરીમાં જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૧૧) પ્રેકટીકલ, લેખિત, મૌખિક પરીક્ષા અંગેનો કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે.

(૧૨) **નીચે દર્શાવેલ કારણોસર ઉમેદવાર(અરજદાર)ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)**

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)

(૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો સમયગાળો બતાવેલ ન હોય.

(૩) શારીરિક ખોડખાંપણ દર્શાવેલ હોય, પરંતુ અરજી સાથે ખોડખાંપણની ટકાવારી અંગેનું સક્ષમ સત્તાનું

પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા ટકાવારી દર્શાવેલી ન હોય અથવા ખોડખાંપણની ટકાવારી ૪૦ ટકાથી ઓછી દર્શાવેલ હોય.

(૪) અરજદારે અરજીપત્રકના કોલમ –૧૧ ની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બન્ને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC કે GEN/ST બતાવેલ હોય.

(૫) આ જગ્યાઓ માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય

(૬) અરજદારે અરજીપત્રકના કોલમ નં.૧૦ માં જન્મતારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૭) અરજદાર પી.આર.ઓ. નંબરની તારીખે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતા ન હોય.

(૮) અરજદાર પી.આર.ઓ. નંબરની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC પુરૂષ/મહિલા મહતમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૯) શારિરીક ખોડખાંપણની કેટેગરીના ઉમેદવાર ૪૦ ટકા કે તેથી વધુ શારિરીક ખોડખાંપણની ટકાવારી ધરાવતા હોવા છતાં તેઓને શારીરિક ખોડખાંપણના ઉમેદવાર તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ ઉપલી વયમર્યાદા કરતાં વધુ વયમર્યાદા પી.આર.ઓ. નંબરની તારીખે ધરાવતા હોય.

(૧૦) માજી સૈનિક તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૧૧) અરજીપત્રકમાં કેટેગરી કોલમ ૧૧(૩) માં સા.શૈ.પ.વ. તરીકે અરજી કરેલ હોય અને બિડાણ કાગળોના કોલમ–૧૧ માં ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ ન આપેલ હોય અધૂરી દર્શાવેલ હોય અથવા ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૧–૪–૧૬પહેલાનું રજુ કરેલ હોય તેવી ક્ષતિયુકત અને અધૂરી અરજી હોય.

(૧૨) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય.

(૧૩) મહિલા ઉમેદવારે પતિના નામ સાથેની અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય.

(૧૪) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય.

(૧૫) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી કોઈ પરીક્ષા પાસ કરી હોય અને પરવાનગી હુકમની નકલ સામેલ કરેલ ન હોય.

(૧૩) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે

ઉપરોકત વર્ગ–૩ની જગ્યા માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં માટે રૂા.૨૫/– ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ રૂા.૨૫/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

**નોંધઃ**–આ જગ્યાઓ માટેના વિના મૂલ્યે નિયત નમુનાના અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપુર્ણ વિગતો ભરી જરૂરી પૂરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

અરજી મોકલવાનું સરનામુ : – **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

સહી/– એમ.થેન્નારસન

નં.પીઆર.ઓ./૭૭૮/૨૦૧૬–૨૦૧૭ **મ્યુનિ. કમિશ્નર,**

તા.૨૭/૦૨/૨૦૧૭. **સુરત મહાનગરપાલિકા.**

**ભરવાપાત્ર અનામત ખાલી જગ્યાઓની**
**વિષયવાર/કેટેગરી વાઈઝ ઉપલબ્ધ જગ્યાઓની**
**વિગતો નીચે મુજબ છે.**

## ગુજરાતી માધ્યમની સુમન હાઈસ્કુલોમાં વિષય અને જાતિવાર શિક્ષણ સહાયકોની યાદી

| કેટેગરી | વિષય | | | | | | | મહિલા માટે અનામત | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અંગ્રેજી | અંગ્રેજી/ગુજરાતી | અંગ્રેજી /સંસ્કૃત | વિજ્ઞાન/ગણિત | ગણિત/વિજ્ઞાન | સમાજવિદ્યા/ગુજરાતી | સંસ્કૃત/હિન્દી | અંગ્રેજી | અંગ્રેજી/ગુજરાતી | અંગ્રેજી /સંસ્કૃત | વિજ્ઞાન/ગણિત | ગણિત/વિજ્ઞાન | સમાજવિદ્યા/ગુજરાતી | સંસ્કૃત/હિન્દી | |
| અ.જા | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| અ.જ.જા | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| સા.શૈ.પ.વ. | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 2 |
| બિનઅનામત | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 6 |
| કુલ | 1 | 1 | 0 | 2 | 1 | 1 | 1 | 0 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 9 |

## મરાઠી માધ્યમની સુમન હાઈસ્કુલોમાં વિષય અને જાતિવાર શિક્ષણ સહાયકોની યાદી

| કેટેગરી | વિષય | | | | | | | | | | | મહિલા માટે અનામત | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુજરાતી | હિન્દી /સમાજવિદ્યા | અંગ્રેજી | અંગ્રેજી/સમાજવિદ્યા | મરાઠી | સમાજવિદ્યા/હિન્દી | સમાજવિદ્યા | વિજ્ઞાન | ગણિત | શારીરિક શિક્ષણ | ચિત્રકામ | ગુજરાતી | હિન્દી /સમાજવિદ્યા | અંગ્રેજી | અંગ્રેજી/સમાજવિદ્યા | મરાઠી | સમાજવિદ્યા/હિન્દી | સમાજવિદ્યા | વિજ્ઞાન | ગણિત | શારીરિક શિક્ષણ | ચિત્રકામ | |
| અ.જા | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 2 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 6 |
| અ.જ.જા | 1 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 3 | 2 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | 0 | 0 | 12 |
| સા.શૈ.પ.વ. | 2 | 0 | 3 | 0 | 2 | 0 | 3 | 2 | 0 | 3 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 2 | 2 | 0 | 1 | 0 | 23 |
| શા.ખો.ખા. | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 2 |
| બિનઅનામત | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 5 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 11 |
| કુલ | 3 | 0 | 7 | 1 | 4 | 1 | 4 | 5 | 9 | 3 | 0 | 2 | 1 | 3 | 0 | 2 | 0 | 3 | 3 | 1 | 1 | 1 | 54 |

સહી/– જે.જે.માંજરા
પર્સોનેલ ઓફીસર(મહેકમ)
સુરત મહાનગરપાલિકા.